RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૧૪ તા.૨૮–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા
સામાવાળાઃ– ઈ.ચા.ડે.કમિ. (હેઅનેહો) અને આરોગ્ય અધિકારી જાહેર માહિતી અધિકારી (ફુડ)
ડે.કમિ (ફા.) અને જાહેર માહિતી અધિકારી (ગુમાસ્તાધારા)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૨૨–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)સુરત શહેરમાં કેટલી હોટલ ગુમાસ્તા લાયસન્સ ધરાવે છે અને તેમાંથી કેટલી હોટલના ૨૦૧૦થી આજ સુધી કેટલી હોટલમાંથી ફુડ સેમ્પલ લેવામાં આવ્યા છે ? (૨)કઈ કઈ હોટલના ફુડ સેમ્પલમાં ખરાબી જોવા મળી હતી ? વિ.મુદ્દા નં.(૧)થી (૧૦)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૮–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૧૪/૨૦૧૧–૧૨

શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૨૨–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)સુરત શહેરમાં કેટલી હોટલ ગુમાસ્તા લાયસન્સ ધરાવે છે અને તેમાંથી કેટલી હોટલના ૨૦૧૦થી આજ સુધી કેટલી હોટલમાંથી ફુડ સેમ્પલ લેવામાં આવ્યા છે ? (૨)કઈ કઈ હોટલના ફુડ સેમ્પલમાં ખરાબી જોવા મળી હતી ? વિ.મુદ્દા નં.(૧)થી (૧૦)ની માહિતી આપવા બાબતે ડે.કમિ.(ફા) અને જાહેર માહિતી અધિકારી(ગુમાસ્તાધારા)ના પત્ર નં. એસ.એન્ડ.ઈ./ જાવક/૨૧૦ તા. ૮–૧૨–૧૧ ,ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ના પત્ર નં. વેસ્ટઝોન / આરટીઆઈ સેલ/ ૮૫૪ તા. ૨૧–૧૨–૧૧, કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)ના પત્ર નં.સા.વે.ઝોન(અઠવા)/ આરટીઆઈ / આ.નં. / ૧૦૪૪ તા.૧૭–૧૨–૧૧, એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં. ઈઝેડ/ આરટીઆઈ/ ૬૫૬ તા. ૧૨–૧૨–૧૧, એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. એન.ઝેડ/ આઉટ/ ૬૨૭૬ તા. ૨૧–૧૨–૧૧ તથા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) ના પત્ર નં. સા.ઝોન / આ.નં./ ૧૬૬ તા. ૧૭–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૮–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગત–વૈધાનિક જોગવાઈ સહ સ્પષ્ટ કરવા સાથે વિસંગત મુદ્દા અંગે સ્પષ્ટતા કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૧૪ તા.૯–૧–૧૨ થી** તમામઝોન અને જાહેર માહિતી અધિકારી ઈ.ચા.ડે.કમિ. (હેઅનેહો) અને આરોગ્ય અધિકારી જાહેર માહિતી અધિકારી (ફુડ) ડે.કમિ (ફા.) અને જાહેર માહિતી અધિકારી (ગુમાસ્તાધારા) તથા અરજદારને તેમના અન્ય ઝોનનાં મુદ્દા નં.૧ના અધુરા જવાબના દાવા અંગે ઝોનદીઠ, જાહેર માહિતી અધિકારીદીઠ નારાજગી આધાર સહ સ્પષ્ટ કરવા તથા અપીલ દરમ્યાન માહિતી મળે તો સુચિત કરવા તથા ત્યારબાદ નારાજગી હોય તો સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી મુખ્ય ગુમાસ્તા વિભાગ તરફથી પત્ર

નં.એસ.એન્ડઈ/જા ૨૫૧ તા.૧૬–૧–૧૨ ના પત્રથી પૂરક વિગતોમાં ફી ભર્યાની રસીદ, મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૭૮૦ તા.૨૨–૧૧–૧૧ થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, કતારગામઝોન, અઠવાઝોન, ઉધનાઝોન, લીંબાયતઝોન, વરાછાઝોન તથા ફુડ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એસ.એન્ડ.ઈ/જા/૨૧૦ તા.૮–૧૨–૧૧ ના પત્રની નકલ તથા ગુમાસ્તાધારાની હાલની નોંધની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૫૬ તા.૨૧–૧–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૫૬ તા.૧૨–૧૨–૧૧ના પત્રની નકલ અત્રે મળ ેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૭૩૧૦ તા.૨૧–૧–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, રાંદેરઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૬૨૭૬ તા.૨૧–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી તા.૨૧–૧–૧૨ ના રોજ પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.જાવક/પીએચડી/ફુડ/ ૧૦૯૦ તા.૨૯–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૧૦૦૩ તા.૨૪–૧–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૭૮૦ તા.૨૨–૧૧–૧૧ થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, કતારગામઝોન, અઠવાઝોન, ઉધનાઝોન, લીંબાયતઝોન, વરાછાઝોન તથા ફુડ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૮૫૪ તા.૨૧–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/આરટીઆઈ/૭૨૧ તા.૩૦–૧–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, તબદીલ પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૧૦૪૪ તા.૧૭–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન અને લીંબાયતઝોન તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૭–૧–૧૨ નો પૂરક પત્ર મળેલ છે જેમાં અરજદારે હોટલ પરમીશન અને લાયસન્સોની વિગતોમાં બાંધકામ બાબતેના અગાઉની અરજીઓના પૂરક પત્રની નકલ રજૂ કરેલ છે પરંતુ સદર અરજી બાબતે કોઈ પૂરક વિગતો કે પક્ષ રજૂ કરેલ નથી.

અરજદારની તા.૨૨–૧૧–૧૧ ની અરજીથી હોટલોના લાયસન્સ અને પરમીશન અંગે મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી માંગતી અરજી સુમપાને સંબોધતી અરજી વેસ્ટઝોન ખાતે કરવામાં આવેલ. જે વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન / આરટીઆઈ/આ.નં.૭૮૦ તા.૨૨–૧૧–૧૧ થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, કતારગામઝોન, અઠવાઝોન, ઉધનાઝોન, લીંબાયતઝોન, વરાછાઝોન તથા ફુડ વિભાગને સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાનેજાહેર માહિતી અધિકારી ગુમાસ્તાધારા તરફથી પત્ર નં.એસએન્ડઈ/જાવક/૨૧૦ તા.૮–૧૨–૧૧ થી સમય અવધિમાં જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૬૨૭૬ તા.૨૧–૧૨–૧૧ થી સમય અવધિના છેલ્લા દિને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૫૬ તા.૧૨–૧૨–૧૧ થી સમય અવધિમાં જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી પત્ર નં. પીએચડી/ફુડ/૧૦૯૦ તા.૨૯–૧૨–૧૧ થી સમય અવધિ બાદ જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી વેસ્ટઝોન/ આરટીઆઈ /આ.નં.૮૫૪ તા.૨૧–૧૨–૧૧ થી સમય અવધિના છેલ્લા દિને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આ.નં.૧૦૪૪ તા.૧૭–૧૨–૧૧ થી સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ છે.

મુદ્દા નં.(૧)સુરત શહેરમાં કેટલી હોટલ ગુમાસ્તા લાયસન્સ ધરાવે છે અને તેમાંથી કેટલી હોટલના ૨૦૧૦થી આજ સુધી કેટલી હોટલમાંથી ફુડ સેમ્પલ લેવામાં આવ્યા છે ? જાહેર માહિતી અધિકારી ગુમાસ્તા તરફથી તેવા પ્રશ્ન બાબતે સુરત શહેરમાં ગુમાસ્તાધારા હેઠળ કુલ ૨૯૭૫ હોટલની નોંધણી થયેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી આ પ્રશ્ન મુખ્યદુકાનધારા નિરીક્ષક સુમપા તરફથી સંયુકત જવાબ આપવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી સુરત શહેરના પશ્ચિમઝોન વિસ્તારમાં ૨૦૪ હોટલો ગુમાસ્તાધારા લાયસન્સ હેઠળ નોંધાયેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી ફુડ વિભાગના ઉપલબ્ધ રેકર્ડ મુજબ ૨૦૧૦ થી આજ દિન સુધી ૫૭ નમુનાઓ હોટલ/રેસ્ટોરન્ટ માંથી લેવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી ગુમાસ્તાધારામાં ૨૭૬ સંસ્થાઓની હોટલ તરીકે નોંધણી થયેલ છે. તેવું જણાવેલ છે.

(૨)કઈ કઈ હોટલના ફુડ સેમ્પલમાં ખરાબી જોવા મળી હતી ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી નીચે જણાવેલ હોટલ/રેસ્ટોરન્ટમાંથી લીધેલ નમુના ધારાધોરણ મુજબના ના હોવાનું માલમ પડેલ. (૧) શ્રી સરસ્વતી હિન્દુ લોજ – ખાનસાહેબનો ડેલો, રૂઘનાથપુરા રોડ, સુરત. (૨) હોટલ ફલકનુર–કમેલા દરવાજા , સલાબતપુરા, સુરત (૩) રાજા ચીકન –ખ્વાજા દાના રોડ, બડેખા ચકલા, સુરત.

(૩) કઈ કઈ હોટલમાં ગંદકી જોવા મળી હતી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી રાઉન્ડ દરમયાન અથવા સ્પેશીયલ ચેકીંગ દરમ્યાન જો હોટલોમાં ગંદકી જોવા મળે તો જે તે સમયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. હોટલ –રેસ્ટોરન્ટને આપેલી નોટીસની યાદી નીચે મુજબ છે. હોટલ–રેસ્ટોરન્ટનું નામ–સરનામું (૧) વાટીકા રેસ્ટોરન્ટ–રાજાનંદ મારબલ–ડભોલી (૨) સનરાઈઝ ઢોસા, ડભોલી ચાર રસ્તા પાસે, (૩) ખ્વાજા ગરીબ નવાઝ– દાવલશા, વેડરોડ, (૪) ગોપાલ રેસ્ટોરન્ટ– વણઝારાવાસ, અમરોલી (૫) હોટલ તુલસી, છાપરા ભાઠા રોડ, અમરોલી (૬) હરીહર રેસ્ટોરન્ટ, કતારગામ બસ સ્ટેન્ડ પાછળ, કતારગામ (૭) ચામુંડા રેસ્ટોરન્ટ , ક્રિષ્ના માર્કેટ, બંબાવાડી. તેવા પ્રશ્ન પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અઠવાઝોનના કાર્યક્ષેત્રમાં આવેલ જે સમયે સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું તે દરમ્યાન જે હોટલોમાં ખામી જણાયેલ તે બાબતે કુલ–૯ રેસ્ટોરન્ટોને નોટીસ આપવામાં આવી હતી. જે અંગેની વિગત મુદ્દા નં.૪ માં બ ની યાદી આપવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી ૧૪૭ હોટલ/રેસ્ટોરન્ટ માં આરોગ્યલક્ષી ખામીઓ જોવા મળેલ હતી. તેવું જણાવેલ.

(૪) ૨૦૧૦ થી આજ સુધી કઈ કઈ હોટલમાં નોટીસ આપવામાં આવી હતી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ હોટલોમાં જયારે ચેક કરતાં ગંદકી જોવા મળે છે ત્યારે જે તે સમયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે અને આરોગ્ય વિભાગ ધ્વારા વર્ષ ૨૦૧૦ થી આજ દિન સુધી ૦૭ નોટીસ તથા ૧૩ હોટલ/રેસ્ટોરન્ટ પાસેથી વહીવટી ૫. ખર્ચ વસુલાત કરેલ છે. હોટલ – રેસ્ટોરન્ટને આપેલી નોટીસના નામ (૧) વાટીકા રેસ્ટોરન્ટ–રાજાનંદ મારબલ–ડભોલી (૨) સનરાઈઝ ઢોસા, ડભોલી ચાર રસ્તા પાસે, (૩) ખ્વાજા ગરીબ નવાઝ– દાવલશા, વેડરોડ, (૪) ગોપાલ રેસ્ટોરન્ટ– વણઝારાવાસ, અમરોલી (૫) હોટલ તુલસી, છાપરા ભાઠા રોડ, અમરોલી (૬) હરીહર રેસ્ટોરન્ટ, કતારગામ બસ સ્ટેન્ડ પાછળ, કતારગામ (૭) ચામુંડા રેસ્ટોરન્ટ , ક્રિષ્ના માર્કેટ, બંબાવાડી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી વરાછાઝોનમાં તમામ વોર્ડમાંથી ૨૦૧૦ થી આજ દિન સુધી ૭૨ નોટસો આપી. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી વર્ષ ૨૦૧૦ થી આજ દિન સુધીમાં નીચે જણાવેલ હોટલોને ખામીખો બાબતે નોટીસ પાઠવવામાં આવેલ છે. (૧) હોટલ બ્રાન્ટો (૨) સિઝલર (૩) પ્રિયા હોટલ (૪) મેસુર કાફે (૫) ગીતા રેસ્ટોરન્ટ (૬) હોટલ ગેટ વે (૭) શ્રી સાંઈ રેસ્ટોરન્ટ (૮) ક્રેજી બ્રાઈટ (૯) લેકવ્યુ હોટલ . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી ૧૪૭ નોટીસો આપવામાં આવેલ.

(૫) હોટલ ધ્વારા કયા કયા કાયદાનું પાલન કરવાનું રહે છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ગુમાસ્તાધારા તરફથી ગુમાસ્તા ધારા હેઠળ મુંબઈની દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ–૧૯૪૮ તથા કર્મચારી જીવનવીમા અધિનિયમ–૧૯૮૦ નું પાલન કરાવવાનું રહે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી હોટલ ધ્વારા સ્થાનિક સ્વરાજયના સંસ્થાઓએ તેમજ રાજય સરકાર અને કેન્દ્ર સરકાર ધ્વારા પ્રવર્તમાન તમામ કાયદાઓનું પાલન કરવાનુ રહે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી હોટલોએ મુંબઈના દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ–૧૯૪૮ તથા ગુજરાત દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ–૧૯૬૨ તથા ૧૯૮૦ નું પણ પાલન કરાવવાનું રહે છે. તેવા પ્રશ્ન પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સુમપાના ધી બોમ્બે પ્રોવિડન્સી મ્યુ. કોર્પોરેશન એકટ–૧૯૪૯ ની કલમ–૩૭૬(૧) પ્રકરણ–૧૮ માં ભાગ ૧/૨/૩/૪ તથા સુરત મ્યુ. રૂલ્સમાં ચેપ્ટર–૯ રૂલ–૨૨૫ (અ) અનુસારમાં જણાવેલ નિયમોનું પાલન કરવાનું રહે છે. બીપીએમસી હોટલમાં નશાકારક પદાર્થ કે પ્રવાહી તથા તમાકુની કોઈ પણ પ્રોડેકટ તેમજ માનવ શરીરને નુકશાનકારક વસ્તુનો ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવે છે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી હોટલ/રેસ્ટોરન્ટ ધ્વારા પીએફએ. એકટ (હવે ફુડ સેફટી. એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬) નું પાલન કરવાનું રહે છે.

(૬) હોટલમાં કઈ કઈ વસ્તુ વાપરવા પર પ્રતિબંધ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી હોટલમાં અખાદ્ય વસ્તુઓ અને રોગકારક વસ્તુઓ વાપરવા ઉપર પ્રતિબંધ છે. તેવા પ્રશ્ન પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી હોટલમાં નશાકારક પદાર્થ કે પ્રવાહી તથા તમાકુની કોઈ પણ પ્રોડેકટ તેમજ માનવ શરીરને નુકશાનકારક વસ્તુનો ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી કાયદાએ પ્રતિબંધિત કરેલ વસ્તુઓ વાપરવા પર પ્રતિબંધ છે.

(૭) હોટલ ચાલુ કરવાની પરમીશન કેવા સંજોગોમાં ના મળી શકે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી હોટલ ચાલુ કરવાની પરમીશન માટે બીયુસી/એન.ઓ.સી. વેરાબીલ વિગેરે પ્રાથમિક જરૂરીયાત તેમજ ફુડ વિભાગના નીતિ નિયમો તથા બીપીએમસી એકટની શરતો તેમજ ગુમાસ્તાધારા હેઠળના નિયમોનું પાલન ન કરવામાં આવે તેવા સંજોગોમાં પરમીશન ના મળી શકે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી સ્થાનિક સ્વરાજયની સંસ્થાના પ્રવર્તમાન નિયમોનું પાલન થતું ન હોય તો હોટલ ચાલુ કરાવવાની પરમીશન ના મળી શકે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી

રાંદેરઝોન તરફથી બીપીએમસી એકટના કાયદાનું પાલન થતું ન હોય તેવા સંજોગોમાં તથા બીયુસી સર્ટીફીકેટ ન હોય તેવા સંજોગોમાં પરમીશન મળી શકે નહીં. તેવા પ્રશ્ન પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી મુદ્દા નં.પ માં જણાવેલ એકટના નિયમો અને શરતોનો ભંગ થતો હોય તેવા સંજોગોમાં હોટલ ચાલુ કરવા માટે પરમીશન આપી શકાતી નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ માં દર્શાવેલ લાયસન્સની શરતોનું પાલન ન કરવામાં આવે તો લાયસન્સ મળી શકે નહીં.

(૮) હોટલ ચાલુ કરવાની પરમીશન મેળવવા કયા કયા કાયદાનું પાલન કરવું પડશે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથીહોટલ ચાલુ કરવા માટે ફુડ વિભાગ તરફથી પરમીશન આપ્યા બાદ જે તે ઝોનના આરોગ્ય વિભાગ ધ્વારા બીપીએમસી એકટ મુજબ મુકરર કરેલ આરોગ્યલક્ષી સુવિધા બાદ લાયસન્સ આપવામાં આવે છે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી હોટલ ચાલુ કરવાની પરમીશન મેળવવા સ્થાનિક સ્વરાજયની સંસ્થા રાજય સરકાર તથા કેન્દ્ર સરકાર ધ્વારા લાગુ પાડવામાં આવેલ તમામ કાયદાઓનું પાલન કરવું પડશે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી હોટલ ચાલુ કરાવવાની પરમીશન મેળવવા બીપીએમસી એકટના કાયદાઓનું પાલન કરાવવાનું હોય તથા બીયુસી સર્ટીફીકેટ મેળવવું જરૂરી હોય છે. તેવા પ્રશ્ન પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી મુદ્દા નં.પ માં જણાવેલ એકટના નિયમો અને શરતો મુજબની હોટલોમાં જોગવાઈ કરવામાં આવે તો હોટલ ચાલુ કરવાની પરમીશન આપવામાં આવે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી હોટલ/રેસ્ટોરન્ટ ધ્વારા પી.એફ.એ એકટ (હવે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ ) નું પાલન કરવું પડશે.

(૯) હોટલની બહાર પાર્કીગ ન હોવા છતાં પરમીશન કયા આધારે આપવામાં આવે છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી આવા સંજોગોમાં ઝોન કક્ષાએથી પરમીશન આપવામાં આવતી નથી. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પીએફએ તેમજ બીપીએમસી એકટ–૩૭૬(૧) મુજબના નિયમોનું પાલન થતું હોય તો આરોગ્ય વિભાગ ધવારા પરમીશન આપવામાં આવે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી લાગુ પડતું નથી. તેવું જણાવેલ છે.

(૧૦) હોટલ ચાલુ કરવાની પરમીશન મળી હોય તો શું ફુટપાથ પર ટેબલ અથવા ખાણી પીણીનો સ્ટોલ લગાવી શકે ખરું? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી "ના" જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી હોટલ ચાલુ કરવાની પરમીશન મળી હોય તો ફુટપાટ પર ટેબલ અથવા ખાણી પાણીની લારી લગાવી શકે નહીં. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી હોટલ ચાલુ કરવાની પરમીશન મળી હોય તો ફુટપાટ પર ટેબલ અથવા ખાણી પીણીનો સ્ટોલ લગાવી શકે નહીં. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથીહોટલ ચાલુ કરવાની પરમીશન આપવામાં આવી હોય તો ફુટપાથ પર ટેબલ અથવા ખાણી પીણીનો સ્ટોલ નિયમનુસાર લગાવી શકાય નહીં. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી " ના " જણાવેલ છે.

આમ અરજદારને જાહેર માહિતી અધિકારીઓ તરફથી તેમની કક્ષાએથી તથા સંયુકત રીતેની માહિતી પૂરી પાડવામાં આવેલછે પરંતુ જાહેર માહિતી અધિકારી આરોગ્ય ફુડ તરફથી મુદ્દા નં.૩ અને ૪ અંગે કઈ કઈ હોટલોની વિગત તથા ઉધનાઝોન, સેન્ટ્રલઝોન તથા લીંબાયતઝોન તરફથી તેમના ઝોન કક્ષાએ મુદ્દા નં.૩ અને ૪ બાબતે સ્પર્શતી વિગતો પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૨–૧૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૩ અને ૪ ની જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન, સેન્ટ્રલઝોન તથા લીંબાયતઝોન તરફથી તેમને સ્પર્શતી ઝોન કક્ષાએ દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ ન હોય આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા અનુક્રમે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન, ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તથા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીબાંયતઝોનને જણાવવામાં આવે છે.

મુદ્દા નં.૩ અને ૪ અંગે જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી આપેલ માહિતીમાં ૧૪૭ હોટલોની વિગતની નહીં પૂરી પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઈ. ચા. ડે.કમિ. (હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ) ને જણાવવામાં આવે છે. સંયુકત માહિતી જે તે જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ હોય તે અંગે કોઈ અલાયદો હુકમ કરવાનો રહેતો નથી અને તે અંગે અપીલ તબકકે અરજદારે પણ કોઈ તકરાર ઉપસ્થિત કરેલ ન હોઈ તે અંગે કોઈ ટીપ્પણી કરવાની રહેતી નથી.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) ઈ.ચા.ડે.કમિ. (હેઅનેહો) અને આરોગ્ય અધિકારી જાહેર માહિતી અધિકારી (ફુડ), ડે.કમિ (ફા.) અને જાહેર માહિતી અધિકારી (ગુમાસ્તાધારા) ,કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા ,